વડીલોને વંદન અભિનંદન

સુષ્માબેન મનુભાઈ પટેલ (૧૯૪૦)ફોનઃ ૨૩૨૨૩૦૨૨



દેવશીભાઈ રામભાઈ રાણાવાયા (૧૯૩૪)ફોનઃ ૨૩૨૪૬૭૦૯

ડૉ. પુરુષોત્તમ પુંજાલાલ પટેલ (૧૯૪૫)ફોનઃ ૨૩૨૨૩૪૮૦

ડાહીબેન કાન્તિલાલ પટેલ (૧૯૪૬)ફોનઃ ૨૩૨૬૦૬૨૭

સુંમતભાઈ મંગળદાસ શાહ (૧૯૩૮)ફોનઃ ૨૩૨૨૬૫૫૭

આજે ૧૪૨૭ ગ્રામ પંચાયત માટે મતદાન

ચૂંટણી મુક્ત-ન્યાયી માહોલમાં થાય તે માટે વિશેષ આયોજન : ૩૪૮૩૩૦૭

મતદારો મતાધિકારનો ઉપયોગ કરવા સજ્જ : પાંચમીએ મતગણતરી થશે

અમદાવાદ, તા. ૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવ્યા બાદ ભાજપ ૨૬ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પણ શાનદાર દેખાવ કરવા માટે તૈયાર છે. આવતીકાલે ત્રીજી ફેબ્રુઆરીના દિવસે ફેબ્રુઆરી, માર્ચ તથા એપ્રિલ મહિનામાં મુદત પૂરી થતી હોય તેવી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી વિભાજનથી નવી ચરાયેલી ગ્રામ પંચાયત ચૂંટણી, વિસર્જન થયેલી ગ્રામ પંચાયત ચૂંટણી યોજાનાર છે. આના માટે તંત્રએ તમામ તૈયારીઓ કરી લીધી છે. કુલ ૧૪૨૭ ગ્રામ પંચાયતો માટે આશરે ૩૪૮૩૩૦૭ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. આમાં ૧૪૨૭ સરપંચોની ચૂંટણી થશે. મતગણતરીની પ્રક્રિયા પાંચમી ફેબ્રુઆરીના દિવસે હાથ ધરાશે. તમામ જગ્યાઓએ મતદાનને લઈને સાવચેતીના તમામ પગલા પહેલાથી જ લેવામાં આવી ચુક્યા છે. જરૂરી સામગ્રી પહેલાથી જ પહોંચાડી દેવામાં આવી છે. સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા તંત્રએ તૈયારી કરી લીધી છે.

મળેલી માહિતીમુજબ જે ૧૪૨૭ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે તેમાં મૂખ્યત્વે વડોદરાની ૨૩૧, ભાવનગરની ૧૭૧, સાબરકાંઠાની ૧૩૭ તથા આણંદની ૧૨૭ ગ્રામ પંચાયતોનો પણ સમાવેશ થાય છે. જ્યારે ૨૬ જિલ્લા પૈકી અન્ય જિલ્લા દીઠ ૧૦૦થી ઓછી ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. રાજ્ય ચૂંટણી પંચે ઉપરોક્ત ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ઈવીએમ દ્વારા મતદાનની વ્યવસ્થા કરી છે. આ ઉપરંત આ ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જિલ્લા, તાલુકા પંચાયતની સામાન્ય પેટા ચૂંટણીનો કાર્યક્રમ પણ જાહેર કર્યો છે. આ ચૂંટણી મોડે લેવાશે. ગ્રામ પંચાયતોની વાત કરવામાં આવે તો સંખ્યા ૧૪૨૭ છે જ્યારે વોર્ડની સંખ્યા ૧૪૨૭૦ ઉપરાંત ૧૪૨૭ સરપંચ છે. પોલીસ સ્ટાફની સંખ્યા ૨૧૪૦૫ જેટલી રાખવામાં આવી છે. ગ્રામ પંચાયતોના ભાગરૂપે ભાવનગરની ૧૭૧, સાબરકાંઠાની ૧૩૭, આણંદની ૧૨૭ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. જિલ્લા પૈકી અન્ય જિલ્લા દિઠ ૧૦૦થી ઓછી ગ્રામ પંચાયતો પણ સામેલ છે.

કોંગ્રેસે બનાસકાંઠાના જિલ્લા પંચાયતના પ્રમુખ દલસંગભાઈ પટેલની ટીકીટ કાપી

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જિલ્લા પંચાયતની યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે જિલ્લા પંચાયતના પ્રમુખ દલસંગભાઈ પટેલની જ ટીકીટ કાપી. અન્ય ઉમેદવારને મેદાનમાં ઉતારતા જિલ્લા કોંગ્રેસ સહિત સમગ્ર બનાસકાંઠાના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.

બનાસકાંઠાના રાજકીય અને સહકારી આગેવાન દલસંગભાઈ પટેલે જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પ્રશંસનીય કાર્ય કર્યું છે. તેઓ ટીકીટ માટે સક્રિય દાવેદાર હતા અને કોદરામ બેઠક લડવા માટે તેઓએ ઉમેદવારીપત્ર ભરી પ્રચાર કાર્ય પણ આરંભ્યું હતું. પરંતુ શનિવારના રોજ પ્રદેશ કોંગ્રેસે મેન્ડેડ આપ્યા તેમાં જિલ્લા પંચાયત પ્રમુખ દલસંગભાઈ પટેલનું નામ જ કપાતા ચકચાર મચી હતી.

જિલ્લા પંચાયતની કોદરામ બેઠક ઉપર ફતાભાઈ (વણસોલ)ને કોંગ્રેસે ટીકીટ આપતા આયાતી ઉમેદવાર સામે કાર્યકરોમાં પણ રોષ પ્રગટયો હતો. જયારે દલસંગભાઈ પટેલે પ્રચાર કાર્ય આરંભતા ભાજપે પણ આગવી વ્યુહરચના ગોઠવી ઉમેદવાર પસંદ કરવા મથામણ કરી હતી પરંતુ કોંગ્રેસના દલસંગભાઈની ટીકીટ કપાતા ભાજપ માટે માર્ગ મોકળો થયો છે.

પાલનપુર લૉ કોલેજમાં વાંચન શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૨

બી.કે. મર્કેન્ટાઈલ બેંક લૉ કોલેજ પાલનપુરમાં વાંચન જાગૃતિ અને કેળવણીના ઉદ્દેશથી વાંચન શીબીરમાં ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુસાફીર પાલનપુરીએ સાહિત્ય અને માનવ સ્વભાવ પર પ્રિ. દિપકભાઈ રાવલે વાંચનના લાભો, ઉર્વિશભાઈ ઠાકોરે સાહિત્યની સમાજ જીવન પર અસર પર વક્તવ્યો રજુ કર્યા હતા.

લૉ કોલેજના પ્રા. હિરલ જોષી, પ્રા. અશ્વિન કારીઆએ પ્રાસંગીક ઉદ્‌બોધન કરેલ હતું. પ્રા. તૃપ્તિબેન પટેલે સંચાલન કર્યું હતું. વિદ્યાર્થીઓનો શ્રેષ્ઠ રજુઆતનો પ્રથમ નંબર ફાઈન આર્ટસ કોલેજના ફાળે ગયો હતો. ડૉ. એમ.વી. હાથી અતિથિવિશેષ પદે રહ્યા હતા. ડૉ. રાધાકૃષ્ણ અગ્રવાત ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કર્ણાવત ભીખાભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજકેટ પરીક્ષા લેવા નિર્ણયને વિદ્યાર્થી-વાલી દ્વારા આવકાર

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ મેડિકલ ક્ષેત્રે પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા લેવાની જાહેરાતના રાજ્ય સરકારના નિર્ણયને વિદ્યાર્થીઓ અને વાલીઓ આવકારી રહ્યા છે. સાથે સાથે પરીક્ષાનુંચિત્ર સ્પષ્ટ બનતા શાળાઓની ચિંતાઓ પણ દૂર થઈ છે અને શાળાઓએ રાહતનો શ્વાસ લીધો છે.

વર્તમાન શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં નેટની પરીક્ષા લેવાસે કે ગુજકેટની પરીક્ષા લેવાસે તે વિવાદને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓ મુજવણમાં મુકાઈ ગયા હતા. પરીક્ષાને જ્યારે એક મહિના જેટલો જ સમય બચ્યો છે. તેમ છતાં કોઈ નિર્ણય ન લેવાતા વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીઓને લઈ દ્વિધામાં મુકાઈ ગયા છે. ત્યારે રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટનો ચુકાદો ન આવે ત્યાં સુધી વિદ્યાર્તીઓને મેડિકલમાં પ્રવેશમાં વિલંબ ન સર્જાય તે માટે ગુજકેટની પરીક્ષા લેવાની જાહેરાત કરી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓએ સરકારના આ નિર્ણયને આવકાર્યો છે. અમદાવાદ શહેરમાં ધોરણ - ૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીનાવાલી દિલીપભાઈ રાજપુતે જણાવ્યું હતુ કે સરકારી વિવાદના લીધે અમારો પુત્ર દ્વિધામાં મુકાઈ ગયો હતો. તેની પરીક્ષાને તૈયારીઓ પુરી થવા આવે છે. તેમ છતાં ગુજકેટની પરીક્ષા લેવાશે કે નેટની તેને લઈ માનસિક મુજવણ રહેતી હતી. જેમાં હવે રાજ્ય સરકારનાં નિર્ણયના પગલે તે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની મુખ્ય પરીક્ષાની સાથે સાથે ગુજકેટની પરીક્ષાની પણ તૈયારી કરી શકે છે. જ્યારે અન્ય એક વિદ્યાર્થીના વાલી સતિષ શર્માએ જણાવ્યું હતુ કે સરકારે ગુજકેટની પરીક્ષા લેવાનો નિર્ણય લેવામાં મોટું કરતા ચિંતામાં મુકાઈ ગયા હતા. તેમ છતાં પરીક્ષાનો યોગ્ય સમય રહેતા સરકાર જાગી છે તે પ્રશંસાપાત્ર છે. સરકારના ગુજકેટની પરીક્ષા લેવાના નિર્ણયથી હવે વિદ્યાર્થીઓ વધુ સ્પષ્ટ બનીને બોર્ડની પરીક્ષાની તૈયારીઓ કરી શકે છે. જ્યારે બીજીબાજુ સરકારના આ નિર્ણયને પગલે વિજ્ઞાનપ્રવાહની શાળાના આચાર્યોએ પણ રાહતનો શ્વાસ લીધો છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્ય લક્ષ્મણભાઈ પટેલે જણાવ્યું હતુ કે પરીક્ષાનું ચિત્ર સ્પષ્ટ બનતા વિદ્યાર્થીઓસાથેશાળાનેપણ રાહત થઈ છે. હવેથી શાળાઓ વિદ્યાર્થીઓને ગુજકેટની પરીક્ષાની સમયસર તૈયારી કરાવી શકશે. આ ઉપરાંત ગુજકેટની પરીક્ષા લક્ષી વર્ગોપણ શરૂ કરી શકાશે. દર વર્ષે ગુજકેટની પરીક્ષા લેવાતી હોવાથી વિદ્યાર્થીઓનેનેટ કરતા ગુજકેટની પરીક્ષાની તૈયારીઓ કરવી સરળ રહશે અને શાળાઓએ વિદ્યાર્થીઓ માટે નેટની પરીક્ષાઓનો અલગ મટીરીયલ પણ નહીં બનાવવું પડે.

સરકારના કેટલાક બોર્ડ-નિગમો શાળાઓને મોડેલ સ્કૂલ તરીકે વિકસાવશે

ગાંધીનગર, તા. ૨

રાજ્યના ગ્રામ્ય વિસ્તારની સ્કૂલો અને આરોગ્ય સેન્ટરોમાં હવે રાજ્ય સરકારના બોર્ડ-નિગમની ભાગીદારીને મહત્વ આપવામાં આવ્યું છે. સાત જેટલા બોર્ડ-નિગમો સ્કૂલો અને આરોગ્ય સેન્ટરો ચલાવશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સાત જેટલા બોર્ડ નિગમોએ ગ્રામ્ય વિસ્તારની ૭૦ સ્કૂલોના સંચાલનમાં ભાગીદારી કરવા માટે રસ દાખવ્યો છે જ્યારે નવ બોર્ડ નિગમોએ રાજ્યના ૭૩ પીએચસી સીએચસીમાં તૈયારી બતાવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં શહેરીકરણના ભાગરૂપે એવી મોડેલ સ્કૂલો ઉભી કરાશે જે ગ્રીન ફિલ્ડ સ્કૂલ તરીકે ઓળખાશે. કેટલીક સ્કૂલોને અપગ્રેડ પણ કરવામાં આવશે ઓનલાઈન પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવશે.

બીજી તરફ આરોગ્ય સેન્ટરોમાં મોર્ડન ડાયગ્નોસ્ટીક સેન્ટરો ઉભા કરવાના થાય છે. આ બન્ને મોડેલ પ્રોજેક્ટને બે વર્ષમાં પુરા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સરકારના કોઈ વિભાગ સાથે જાહેર સાહસ પણ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરી શકે છે. વાયબ્રન્ટ સમિટમાં ઉદ્યોગગૃહોની સાથે એવા કેટલાય એમ.ઓ.યુ. સાઈન થાય છે. જેમાં મૂડીરોકાણ નહી પણ આદાનપ્રદાન નોલેજ શેરીંગ ભાગીદારી અને સંચાલનની જવાબદારી આવે છે.

સ્ટ્રેટજી પાર્ટનરશીપ તરીકેના આ એમ.ઓ.યુ. થોડા સમય અગાઉ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા.

આ બોર્ડ-નિગમો દ્વારા આગામી ટૂંક સમયમાં રાજ્યના અંતરીયાળ વિસ્તારોમાં આવેલી શાળાઓને પસંદ કરીને આ શાળાઓને મોડેલ સ્કૂલ તરીકે વિકસાવવા માટેની એક કાર્યયોજના ઘડી કાઢવામાં આવશે અને જો આમા સફળતા મળશે તો આગામી દિવસોમાં આ બોર્ડ-નિગમો દ્વારા વધુ શાળાઓને દત્તક લઈને તેનું સંચાલન કરી મડેલ સ્કૂલો બનાવવામાં આવશે.

ફેબ્રુઆરી માસમાં જોરદાર ગરમી પડવાના સ્પષ્ટ સંકેત

રાજ્યમાં સૌથી ઓછુ લઘુતમ તાપમાન નલિયામાં ૧૧.૭

સાંજ સુધીમાં લોકોને પંખા, એસી ચલાવવા પડી રહ્યા છે

અમદાવાદ, તા. ૨

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ગરમીની શરૂઆત થઈ ચુકી છે અને ફેબ્રુઆરીમાં લોકોને તીવ્ર ગરમીનો અનુભવ થાય તેવા સ્પષ્ટ સંકેત મળવા લાગી ગયા છે. તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. મોડી સાંજ સુધી લોકોને પંખા અને એસી ચલાવવાની ફરજ પડી રહી છે. સવારે પણ લોકોને હવે ઠંડીનો અનુભવ થઈ રહ્યો નથી. ફુલ ગુલાબી વાતાવરણનો અનુભવ સવારમાં થઈ રહ્યો છે. અમદાવાદમાં આજે લઘુતમ તાપમાન ૧૭.૧ ડિગ્રી રહ્ય હતુ જે ગરમીના સંકેત આપે છે. બીજીબાજુ ગાંધીનગરમાં પણ તાપમાન ૧૬.૨ ડિગ્રી નોંધાયુ હતુ. ગુજરાતભરમાં કોઇ પણ જગ્યાએ હવે ઠંડીનો અનુભવ થઇ રહ્યો નથી કારણ કે તમામ જગ્યાઓએ તાપમાનમાં વધારો થયો છે. આજે નલિયામાં લઘુતમ તાપમાન સૌથી ઓછુ ૧૧.૭ ડિગ્રી નોંધાયુ હતુ જ્યારે અમરેલીમાં ૧૭ ડિગ્રી તાપમાન થયુ હતુ. મહુવામાં તાપમાન ૧૩.૯ ડિગ્રી રહ્યુ હતુ. અમદાવાદ માટે સ્થાનિક આગાહીમાં જણાવામાં આવ્યું છે કે તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહી શકે છે. રાજ્ય માટેની આગાહીમાં જણાવાયુ છે કે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં હવામાન મુખ્યરીતે વાદળછાયુ રહી શકે છે. કોઈ પણ પ્રકારની ચેતવણી આપવામાં આવી નથી.

શબ્દાવલી - ૪૯૬૭

૧	૨		૩		■	૪	૫
■		■		■	૬		
૭			■	૮			■
૯		■	૧૦	■	■		■
■	■	૧૧			૧૨	■	૧૩
૧૪			■	■	૧૫	૧૬	
	■	૧૭		૧૮	■	૧૯	
૨૦			■	૨૧			

આડી ચાવી

૧. જરાય અચકાયા કે રોકાયા વગર (૫)
૪. ... ઉતારવી, મચકોડ ઉતારવા (૨)
૬. રહેણાંકનો વિસ્તાર (૩)
૭. આકાશમાં ફરનારૂં (૩)
૮. વકીલની ડીગ્રી (૩)
૧૧. તિજોરી (૪)
૧૪. ઝવેરચંદ... (૩)
૧૫. ભાગી છૂટવું, ... થવું (૩)
૧૭. કરીયાવર (૩)
૧૯. એક પહેરવેશ (૨)
૨૦. કામ-ક્રોધ-લોભ-મોહ બધા... કહેવાય (૩)
૨૧. ભાતીગળ ભાત, મહેંદીની... (૪)

ઊભી ચાવી

૨. નકામો ભંગાર
૩. લુખ્ખી, ધમકી (૨)
૪. અતિથિ, માનવાચક (૪)
૫. દાદાનો, ... મિલ્કત (૨)
૬. ... હોય તો માળવે જવાય (૨)
૭. પુરૂષો ખભે... નાંખે (કાપડ) (૨)
૧૦. સવારે દાતણ કર્યા પછી જીભ ઉપરથી ... ઉતારાય (૨)
૧૧. અણીવાળુ (૪)
૧૨. 'ફરી' શબ્દ ઊંધો (૨)
૧૩. કોડ (૪)
૧૪. પ્રતિભાશાળી (૩)
૧૬. રાજા જેવા ઠાઠમાઠ (૨)
૧૮. બેની પર, જોડકું (૨)

શબ્દાવલી ૪૯૬૬ના જવાબ

આડી ચાવી :- (૧) મહોલ્લો (૪) તક (૬) નસીબદાર (૭) છાપરૂ (૯) બેહાલ (૧૧) એલફેલ (૧૩) નદી (૧૫) બાન (૧૬) હામ (૧૮) દાદા (૧૯) સાદગી (૨૦) નરક (૨૧) અવસાન

ઊભી ચાવી :- (૧) હોવાપણું (૩) મસીહા (૪) તદા (૫) કરતાલ (૮) ચાલબાજી (૯) બેલ (૧૦) ખાનદાન (૧૨) ફેન (૧૪) દીદાર (૧૬) હાદસા (૧૭) મલીન (૧૯) સાવ

વેટના કાયદામાં સુધારા માટે બલવંતસિંહ રાજપુતની રજુઆત

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપુતે નાણાં મંત્રીશ્રી નિતીનભાઈ પટેલને ગુજરાત રાજ્યના લાખો વેપારીઓના હીતમાં વેટના ૧૯ પ્રશ્નો અંગે ઉગ્ર રજૂઆત કરીને તેનું નિરાકરણ કરવા માટે માંગણી કરી હતી.

શ્રી રાજપુતે આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, (૧) રાજ્યમાં છેલ્લાં ૭ વર્ષથી બાકી ખેંચાતા વેટના પ્રશ્નો જેવા કે, લીગ્નાઈટ પર હાલમાં ૨૨.૫ ટકાનો વેરો લાગે છે તે ખરીદી પરનો વેરો ઘટે અને વેરા શાખ (રીફંડ) તેવી જોગવાઈ કરવી જોઈએ. (૨) કેન્દ્રીયવેરાની ઘટ માટે ૨ ટકા ઘટાડો કરવાનું જાહેરનામુ રદ કરવું જોઈએ. (૩) બ્રાન્ચ ટ્રાન્સફરથી અન્ય રાજ્યમાં બ્રાન્ચ ટ્રાન્સફર મોકલવામાં આવતા ઉત્પાદીત માલ જે વપરાયેલ હોય તેવી ખરીદ કિંમત પર થતી ૪ ટકા વેરા શાખની રકમ કાપવાની જોગવાઈ કરવી. (૪) વેપારીની વ્યાખ્યામાંથી શખાવત, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓને બાકાત રાખવા છતાં તેનો લાભ કોઈને મળતો નથી. તો આ પરિસ્થિતિનું નિર્માણ કરવું જરૂરી છે. (૫) વર્ષ કોન્ટ્રાક્ટ ઉચ્ચક વેરાની પસંદગી કરી હોય તેવા કેસોમાં રાજ્ય બહારથી ખરીદી કરવાની હોવી જોઈએ. (૬) વેપારીઓને લમસમ વેચાણ માટે ૫૦ લાખની મર્યાદા છે તે મર્યાદા દૂર કરીને ૭૫ લાખ કરવી જોઈએ. (૭) ગુજરાતના વેપારીઓ દ્વારા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં વેચાણ કરવામાં આવે છે તેના પર વેરો લાગતો નથી પરંતુ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન સિવાયના વિસ્તારોમાં વેપારીઓ વેચાણ કરે તો તે વેચાણ કરપાત્ર બને છે પરંતુ ભારત સરકારના સ્પેશિયલ ઈકોનોમિક ઝોન એક્ટમાં આ વેચાણોમાં વેરામુક્તિ આપવાની જોગવાઈ છે તો રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર ના નિયમો પ્રમાણે આવા વેચાણોને વેરામુક્તિ આપવી જોઈએ. (૮) કેપીટલ ગુડ્‌ઝની વ્યાખ્યામાં સેકન્ડ હેન્ડ પ્લાન્ટ અને મશીનરી સિવાયના શબ્દો દૂર કરવા જોઈએ અને કોમ્પોનન્ટ તથા એસેસરી જેવા શબ્દો ઉમેરવા જોઈએ. (૯) આકારણી તબક્કે કેન્દ્રીય કાયદા હેઠળ ઉદભવતુ લેણું ભરેલ રકમના ૧૦ ટકાથી ઓછું હોય તો તેની પર વ્યાજ લાગે નહિ તેવી જોગવાઈ કરવી જોઈએ. (૧૦) જો વેપારી દ્વારા વેરો મોડો ભરે તો ૧૮ ટકા વ્યાજની જોગવાઈ છે અને રીફંડ લેવામાં રાજ્ય સરકાર દ્વારા ૬ ટકા વ્યાજ અપાય છે, તો ઈન્કમટેક્ષ કાયદાની જોગવાઈઓ અનુસાર વેટ કાયદા હેઠળ વેપારીઓને ૧૨ ટકા વ્યાજ આપવું જોઈએ. (૧૧) વ્યાજ લેવાનો અને રીફંડ આપવાનો દર એક સરખો રાખવો જોઈએ. (૧૨) બે પ્રકારનાં બીલોની જોગવાઈની જગ્યાએ એક જ પ્રકારનાં બીલની જોગવાઈ હોવી જોઈએ. (૧૩) સુધારેલા પત્રકની સમયમર્યાદા વધારવી જોઈએ. (૧૪) અલગ વેરા ના ઉઘરાવેલો હોય તેવા કરીદ બીલો પર વેપારીઓએ જે રીફંડ ગુમાવવું પડે છે તે જોગવાઈ દૂર કરવી જોઈએ. (૧૫) વાર્ષિક પત્રકને રીવાઈઝડ પત્રક ભરી શકાય તેવી જોગવાઈ કરવી જોઈએ. (૧૬) ભારતમાં ગુજરાત સિવાય બીજા એક પણ રાજ્યમાં એડીશનલ ટેક્ષ રાખેલ નથી આથી આ ટેક્ષ પણ નાબૂદ કરવો જોઈએ. (૧૭) અનરજીસ્ટર્ડ વેપારીઓ પાસેથી કરેલ ખરીદી પર ડબલવેરાની પરિસ્થિતિ નિવારવી જોઈએ. (૧૮) એન્ટ્રી ટેક્ષ અંગે જે તે કાયદામાં યોગ્ય જોગવાઈ થાય તે જરૂરી છે.

ઉમેદવારો મેદાનમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમના સમર્થકો સાથે ખાનગી વાહનોમાં ચૂંટણી અધિકારીઓની કચેરીએ પહોંચ્યા હતા. ઉમેદવારી પત્ર ભરાયા બાદ સમર્થકોના ભોજન માટે પણ ઉમેદવારો દ્વારા ખાસ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી હતી.

આજે ઉમેદવારી નોંધાવનારાઓમાં તાલુકા પંચાયતના વર્તમાન પ્રમુખ શ્રી પોપટભાઈ પટેલ, નિરૂક્ષાબેન ગોસ્વામી, આશાબેન ચૌહાણ, વિજયભાઈ ઠાકોર, દિનુભાઈ ઠાકોર, મૌલિક પટેલ, જુગાજી વરવાજી ઠાકોર વિગેરેનો સમાવેશ થાય છે.

ભાજપ-કોંગ્રેસ પક્ષે જ્ઞાતિવાદી રાજકારણને તિલાંજલિ આપવામાં આવશે તેવી જાહેરાતો કરી હતી. પરંતુ આમ છતાં જ્ઞાતિના પ્રભુત્વને ધ્યાને રાખીને જ ઉમેદવારોની પસંદગી કરતાં જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

બન્ને પક્ષોના કાર્યકરોમાં અસંતોષ ઉમેદવારોની પસંદગીને લઈ પ્રવર્તતી હોવાથી આ ચૂંટણીમાં મિત્રમંડળનું રાજકારણ મહત્વનું પ્રચાર અભિયાન રહેશે. બન્ને પક્ષો દ્વારા પ્રચાર-અભિયાનમાં ખાટલા પરિષદો, મિત્ર મંડળની રાજનીતિ તેમજ કાર્યકરો સાથેના સ્નેહ મિલનના કાર્યક્રમોના આયોજન પર ભાર મુકવાનો નિર્ણય કર્યો છે.

કોંગ્રેસ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રચારની રણનીતિ એકાદ-બે દિવસમાં જ આખરી કરી દેવામાં આવશે. આ માટે ઉમેદવારોની બેઠકનું આયોજન થઈ રહ્યું છે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ ચૂંટણી માટે જિલ્લાના હોદ્દેદારો તેમજ કેટલાક ચુનંદા પ્રદેશ અને જિલ્લાના કાર્યકરોને મેદાનમાં ઉતારવામાં આવશે. આ ઉપરાંત મતદારો સાથે સીધો સંપર્ક કરવાના અભિયાન પર ભાર મુકવામાં આવ્યો છે.

બે નવા બગીચા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરાયું છે. જેથી આગામી દિવસોમાં ઉદ્યાનોની રોનક પાછી નિખરી ઉઠે તેવી શક્યતા છે. નવ વિકસિત વિસ્તારમાં નવા બે ઉદ્યાન બનાવવા પણ આયોજન કરી દેવાયું છે. સે. ૪-ડી તેમજ સે. ૬માં બે નવા બગીચાના નિર્માણ પાછળ રૂ. ૨૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. એમ.પી.ની ગ્રાન્ટમાંથી ઉદ્યાન નિર્માણનું કામ હાથ ધરાશે. બગીચાઓમાં હરિયાળી લોન ઉપરાંત ફરતે ફેન્સીંગ પણ કરવામાં આવશે. ઉદ્યાનોની જાળવણીનું કામ બાગાયત વિભાગ કરશે.

ચેમ્બરો ખસેડાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાન હોવાનો જનઆક્રોશ ઉઠ્યો હતો. આવા સંજોગોમાં ચેમ્બરના ઢાંકણ પણ ચોરી જતા તંત્ર માટે આ પ્રશ્ન શિરદર્દ બન્યો હતો. ગ-માર્ગ પર સ્થિત જોખમી ચેમ્બરો છાશવારે અકસ્માતનું કારણ બનતા સ્થાનિક અગ્રણીઓ દ્વારા આ મામલે પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ગ-માર્ગ પર સ્થિત ચેમ્બરો ખસેડવા તંત્ર કક્ષાએથી દરખાસ્ત તૈયાર કરાઈ હતી. જેને મંજૂરી અપાયા બાદ આ કામગીરી શરૂ કરી દેવાઈ છે. ગ-માર્ગ પર આ ચેમ્બરો બદલવાનો ખર્ચ તોતિંગ થતો હોવાથી તંત્રકક્ષાએથી માર્ગવચાળે સ્થિત સ્ટોર્મ વૉટર લાઈનની ચેમ્બરોને કોર્નર કરવા કામ હાથ ધરાયું છે. ગ-માર્ગ પર ગ-૦ થી ગ-૭ વચ્ચે અંદાજિત ૨૩૦ જેટલી ચેમ્બરો સ્થિત છે. આ સઘળી ચેમ્બરોને ફૂટપાથ નજીકના કોર્નર પર ખસેડી દેવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૩૨ લાખનો ખર્ચ થાય તેમ છે. તંત્ર દ્વારા આ કામગીરી હાથ ધરાતા અકસ્માતો અટકશે તેમજ ચોમાસા દરમિયાન પણ નાગરિકોએ હાલાકી વેઠવી નહી પડે.

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૧૬ સને ૨૦૧૨-૧૩

કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ ચેનલ વિભાગ નં.૧, દુર્ગા ઓઈલ મીલ પાછળ, સિંચાઈ ભવન, છાપરીયા રોડ, હિંમતનગર, પીન નં. ૩૮૩૦૦૧. ટેલીફોન નંબર : ૦૨૭૭૨-૨૪૬૬૭૧ તરફથી રૂપિયા ૪.૮૮ લાખના એક કામના ટેન્ડર ઈ.૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૧-૨-૨૦૧૩, ૧૬.૦૦ કલાક સુધીની છે. જ્યારે ભાવો ભરેલા ટેન્ડરો આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૮-૨-૨૦૧૩ છે. તથા ટેન્ડરો ખોલવાની તા. ૧૯-૨-૨૦૧૩ છે. જેની વિગતવાર માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર જોઈ શકાશે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૪૫૭/૨૦૧૩

SANGHI CEMENT · KisaN · VINAYAK 500 TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! · CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,